ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા શુક્રવાર, તા. ૧૫/૦૨/૨૦૦૮ના રોજ સાજે ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. પરિમલભાઇ એચ. ત્રિવેદીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૧૫/૦૨/૨૦૦૮ |
|---|---|---|
| ૧. | ડો. પરિમલ એચ. ત્રિવેદી, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ડો. એન. કે. પટેલ, ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૬. | ડૉ. બી.વી.પટેલ | હાજર |
| ૭. | ડૉ. દેસાઇ કેતન ધીરજલાલ | ગેરહાજર |
| ૮. | ડૉ. જયેશ અમૃતલાલ ઠકકર | હાજર |
| ૯. | શ્રી મનીષ એમ. દોશી | હાજર |
| ૧૦. | ડો. રંજના એચ. દ્વિવેદી | ગેરહાજર |
| ૧૧. | ડો. શ્રીમતી આર.જી.ભટ્ટ | ગેરહાજર |
| ૧૨. | પ્રિ. ડો. ઘનશ્યામભાઇ નાનાભાઇ પટેલ | હાજર |
| ૧૩. | પ્રિ. ડૉ. ચતુરભાઇ પ્રભુદાસ પટેલ | હાજર |
| ૧૪. | પ્રો. શ્રીમતી એસ. આર. પંડયા | હાજર |
| ૧૫. | શ્રી સુધીરભાઇ આઇ. નાણાવટી | હાજર |
| ૧૬. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૧૭. | ડૉ. એચ.પી.ભાલોડીયા | હાજર |
| ૧૮. | ડૉ. આર.એસ.પટેલ | હાજર |

| | | |
|---|---|---|
| ૧૯. | ડો. મુકુલભાઇ શાહ | હાજર |
| ૨૦. | ડો. ડી. જી. પટેલ | ગેરહાજર |
| ૨૧. | શ્રી પંકજ શુકલા | હાજર |
| ૨૨. | શ્રી. જે. જે. પટેલ | હાજર |
| ૨૩. | શ્રી ધર્મેશ બી. પંડયા | હાજર |

સભાની શરૂઆતમાં સભાગૃહે એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં નવા જોડાયેલા ત્રણ સભ્યશ્રીઓ સર્વશ્રી ડૉ. એચ.પી.ભાલોડીયા, ડૉ. બી.વી.પટેલ અને ડૉ. આર.એસ.પટેલનું હાર્દિક સ્વાગત કર્યું હતું.

કામકાજની યાદી પરની બાબતો હાથ ધરતા પહેલાં કુલપતિશ્રીએ અગાઉની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં ઠરાવ્યા પ્રમાણે પરીક્ષા ભથ્થું મંજૂર કરવા અંગેની બાબત પરત્વે નિમેલ ચાર સભ્યશ્રીઓની સમિતિએ યુનિવર્સિટીના વહીવટી અધિકારીઓ/કર્મચારીઓ જેઓની નિમણૂંક નિયમિત પગાર ધોરણમાં કરવામાં આવી છે તેઓને તા. ૧-૧-૨૦૦૮થી તેમના મુળ પગારના ૭.૫% લેખે પરીક્ષા ભથ્થુ આપવાની કરેલ ભલામણ સભાગૃહ સમક્ષ રજૂ કરી હતી, જે સભાગૃહે મંજૂર કરી હતી.

ત્યારબાદ કામકાજની યાદીપરની નીચેની બાબતોની વિચારણા હાથ ધરવામાં આવી હતી:

બા.ક્ર.૧. તા. ૦૭/૦૨/૨૦૦૮ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ઠરાવ: **તા. ૦૭/૦૨/૨૦૦૮નાં રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

**(૧) બા.ક્ર.૮ના ઠરાવ અંગે મા. સભ્યશ્રી ધર્મેશભાઇ બી. પંડ્યાએ એક નોંધ તરીકે નીચેની બાબતનો ઉલ્લેખ કરેલ છે અને આ નોંધ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની કાર્યવાહીના રેકોર્ડ ઉપર રાખવાની તેમની વિનંતી માન્ય રાખવામાં આવે છે.**

**નોંધ :- ગુજરાત યુનિવર્સિટીની બા.ક્ર.૮માં જણાવ્યા પ્રમાણે ફરીથી ચૂંટણીની કાર્યવાહી હાથ ધરવાની જરૂર ઉભી થઇ છે તેના કારણોની તેમજ નિર્ણયોની તપાસ થવી જોઇએ અને જે કોઇ વ્યક્તિઓ, હોદ્દેદારો દ્વારા જે નિર્ણય લેવામાં આવ્યો તેને માટે જવાબદાર હોય તેવા દરેક ઉચ્ચ હોદ્દેદારો તેમજ નિર્ણય સાથે**

સંકળાયેલ સમિતિના સભ્યો, યુનિવર્સિટીના કર્મચારીઓ સૌની સામે યોગ્ય કાયદેસરના પગલા લેવાવા જોઇએ.

માનનીય સભ્યશ્રીએ કરેલ સુચન એક નોંધ તરીકે સ્વીકારવામાં આવે છે અને આ નોંધ તા. ૭-૨-૨૦૦૮ની મીટીંગમાં ઠરાવનો એક ભાગ તરીકે રહેશે. જો કે હાજર બીજા તમામ સભ્યોએ આ નોંધ અંગે પોતાનો કોઈ પ્રતિભાવ વ્યક્ત કરેલ નથી.

(૨) બા.ક. ૮ના ઠરાવ અંગે માનનીય સભ્યશ્રી ઘનશ્યામ પટેલે લેખિતમાં સુધારા તરીકે નીચેનો ભાગ સૂચવેલ છે. "શિક્ષક વર્ગની ૪૨ જગ્યાઓની ચૂંટણીની કાર્યવાહી રદ ન ગણવા સરકારશ્રીમાં રીવીઝન અરજી કરવી અને તે શિક્ષકવર્ગની ૪૨ જગ્યાઓ જ્યાં સુધી રીવીઝન અરજીનો ચુકાદો ન આવે ત્યાં સુધી ચાલુ રાખવી. વધુમાં સેનેટ સભ્યના હોદ્દાની રૂએ જે સભ્યો એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં કે અન્ય સમિતિ સ્ટેચ્યુટરી બોડીમાં નિમણુંક પામેલ હોય તે સરકારશ્રીમાની અરજીનો ચુકાદો ન આવે ત્યાં સુધી ચાલુ રાખવી"

ત્યારબાદ ઉપર સુધારાની ચર્ચા થતા માન. સભ્યશ્રી ઘનશ્યામભાઈ પટેલે સુધારાને બદલે એમણે સુચવેલ બાબત અન્ય સભ્યશ્રીની જેમ એક નોંધ તરીકે તા.૭-૨-૦૮ની સભાની કાર્યવાહીમાં રાખવા અંગે સૂચન કરતાં શ્રી ઘનશ્યામભાઈ પટેલે નીચેની બાંબતનું સૂચન કરેલ છે, જે આ કાર્યવાહીની નોંધ તરીકે રેકર્ડ પર લેવામાં આવે છે.

"શિક્ષક વર્ગની ૪૨ જગ્યાઓની ચૂંટણીની કાર્યવાહી રદ ન ગણવા સરકારશ્રીમાં રીવીઝન અરજી કરવી અને તે શિક્ષકવર્ગની ૪૨ જગ્યાઓ જ્યાં સુધી રીવીઝન અરજીનો ચુકાદો ન આવે ત્યાં સુધી ચાલુ રાખવી. વધુમાં સેનેટ સભ્યના હોદ્દાની રૂએ જે સભ્યો એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં કે અન્ય સમિતિ સ્ટેચ્યુટરી બોડીમાં નિમણુંક પામેલ હોય તે સરકારશ્રીમાની અરજીનો ચુકાદો ન આવે ત્યાં સુધી ચાલુ રાખવી"

ઉપરોક્ત નોંધ અંગે હાજર બાકીના સભ્યોએ કોઈ પ્રતિભાવ આપેલ નથી.

(૩) પાના નં.-૨ના ફકરા ચારમાં સર્વાનુમતે કરેલ ઠરાવમાંથી નીચેના આંશિક ઠરાવનો ભાગ રદ કરવો.

"વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યુ કે ઉપકુલપતિશ્રીના નામે જે સમાચારો આવ્યા છે તેને ઉપકુલપતિશ્રી દ્વારા રદિયો આપતી એક જાહેરાત વર્તમાનપત્રોમાં યુનિવર્સિટીના ખર્ચે આપવાનું રાખવું."

બા.ક્ર.૨. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૫૦ તથા સ્ટેચ્યુટ ૯૦ અનુસાર તા.૩૧મી માર્ચ ૨૦૦૭ના રોજ પૂરા થતા ૫૭મા વાર્ષિક અહેવાલની વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ધારાની કલમ-૫૦ તથા સ્ટેચ્યુટ ૯૦ અનુસાર તા.૩૧મી માર્ચ ૨૦૦૭ના રોજ પૂરા થતા ૫૭મા વાર્ષિક અહેવાલના મુસદ્દાને મંજૂર રાખવો તથા તે આગામી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં વિચારણા માટે રજૂ કરવો.**

બા.ક્ર.૩ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ તથા સ્ટેચ્યૂટ ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને.૨૦૦૮-૦૯ના અંદાજપત્ર તથા સને. ૨૦૦૭-૦૮ના પુર્નનિર્મિત અંદાજપત્ર પર વિચારણા કરવા બાબત.
(ફાઇનાન્સ સમિતિની ઉપરોક્ત સભાની ભલામણો **પરિશિષ્ટ-૧** તરીકે સામેલ છે.)

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા.૧૪/૦૨/૨૦૦૮ની ભલામણ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને.૨૦૦૮-૦૯ના અંદાજપત્ર તથા સને. ૨૦૦૭-૦૮ના પુર્નનિર્મિત અંદાજપત્રને મંજૂર કરવું અને સદરહુ અંદાજપત્ર તેમજ પુર્નનિર્મિત અંદાજપત્ર આગામી યુનિવર્સિટી કોર્ટ સમક્ષ રજૂ કરવું.**

બા.ક્ર.૪ આર.બી.શાસ્ત્રી બી.બી.એ. કોલેજ, ઠક્કરબાપાનગર, અમદાવાદમાં શૈ.વર્ષ ૨૦૦૪-૦૫થી બી.બી.એ. ના વિદ્યાર્થીઓ અન્ય કોલેજમાં ફાળવેલ હોઇ હાલમાં કોઇ વિદ્યાર્થી અભ્યાસ કરતાં નથી તે સંજોગોમાં ડિપોઝીટ પરત કરવા અંગે ટ્રસ્ટીઓની આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

ઠરાવ : **આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.**

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી હતી:

બા.ક્ર.૫ વિદ્યાર્થીશ્રી ચૌહાણ નરેન્દ્ર પ્રાગજીભાઇએ મે-જૂન. ૧૯૮૮માં લેવાયેલ મીકેનીકલ એન્જીનીયરીંગ સેમેસ્ટર-૮ની પરીક્ષાના ઈન્ડસ્ટ્રીયલ એન્જીનીયરીંગ અને ઓપરેશન રિસર્ચના વિષયમાં કરેલ ગુણચકાસણીની અરજી અને તે સંબંધમાં તેઓએ નામ. હાઇકોર્ટમાં કરેલ રજૂઆત તેમજ યુનિવર્સિટીને વિદ્યાર્થીએ ગેરરીતી કર્યાનું માલૂમ પડતાં ત્રણ પરીક્ષા માટે વિદ્યાર્થીને ગેરલાયક ઠરાવતી યુનિવર્સિટીએ કરેલ સજાની બાબતમાં નામ. હાઇકોર્ટે કરેલ સૂચનને ધ્યાનમાં લઇને આ કેસની પૂનઃવિચારણા કરવા કુલપતિશ્રીએ નીમેલ સમિતિએ તા. ૬/૦૨/૦૭થી આપેલ અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(ઉપરોક્ત સમિતિનો અહેવાલ **પરિશિષ્ટ-૨** તરીકે સામેલ છે.)

ઠરાવ : ઉપરોક્ત સમિતિનો અહેવાલ સ્વીકારવો અને તદ્‌નુસાર ઉપરોક્ત વિદ્યાર્થીનું પરિણામ પાસ જાહેર કરવું.

ત્યારબાદ પ્રમુખશ્રી દ્વારા બાહ્ય પરીક્ષા (External Examination) ની ફી ના દરમાં વધારો કરવાનાં તા. ૧૮-૮-૦૭ના નિર્ણયને રજુ કરવામાં આવ્યો હતો.

તા. ૩૦-૩-૦૭ના રોજ મળેલ ગુજરાત યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં લેવાયેલ નીચેના નિર્ણય તરફ સભાગૃહનું ધ્યાન દોર્યું હતું.

**“બાહ્ય અનુસ્નાતક પરીક્ષાની ફીનું ધોરણ અન્ય યુનિવર્સિટીઓની સરખામણીમાં ઘણું જ ઓછું છે તેનો અભ્યાસ કરી ગુજરાત યુનિવર્સિટીના બાહ્ય અનુસ્નાતક પરીક્ષાના ફીના ધોરણને ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓના ફીના સૌથી ઓછી ફીના ધોરણોની સમકક્ષ બને તેમ રાખવું.”**

આ સંદર્ભમાં વધુમાં જણાવેલ કે રાજ્યની અન્ય ચાર યુનિવર્સિટીઓમાં બાહ્ય પરીક્ષાની ફી આપણી યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ફી કરતા વધારે છે.

વધુમાં તેમણે જણાવેલ કે સદરહુ ફી ઉઘરાવવાની કામગીરી ચાલુ વર્ષથી કરવાની હોવાથી આ નિર્ણય યુનિવર્સિટી ધારાની કલમ ૧૧(૪) હેઠળ લેવાને બદલે સભાગૃહ દ્વારા ચર્ચા વિચારણા કરી યોગ્ય જણાય તો એક્ઝિક્યુટિવ કાઉન્સિલ દ્વારા મંજૂર કરવાનું રાખવું. ચાલુ શૈક્ષણિક વર્ષથી બાહ્ય પરીક્ષાની ફીમાં નીચે પ્રમાણે સુધારો કરવામાં આવેલ છે.

| | જુનો દર | નવો દર |
|---|---|---|
| FY/SY/TY B.A. | રૂ. ૪૫૦/- | રૂ. ૮૦૦/- |
| M.A. Part I & II | રૂ. ૬૫૦/- | રૂ. ૧૦૦૦/- |
| M.Com.Part I & II | રૂ. ૬૫૦/- | રૂ. ૧૦૦૦/- |

ઉપરોક્ત બાબતે સભ્યો દ્વારા લંબાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી અને સર્વાનુમતે ઠરાવ્યું હતું કે ચાલુ વર્ષ દરમ્યાન સુધારેલ દરે ફી લેવાનું રાખવું પરંતુ આગામી વર્ષથી આ પરીક્ષાની કામગીરીમાં ખર્ચને ધ્યાનમાં લઇને જરૂરી ઘટાડો કરવાનું રાખવું. આ સંદર્ભમાં નીચે પ્રમાણેનો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

**"આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષથી બાહ્ય પરીક્ષાના દરમાં જે વધારો કરવામાં આવ્યો છે તે ચાલુ શૈક્ષણિક વર્ષ માટે મંજૂર રાખવો. વધુમાં ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ ફી વધારાના નિર્ણયના તેમજ તેના અમલને જે તારીખથી ફીમાં વધારો કરેલ છે તે તારીખથી પ્રશ્ચાદવર્તી અસરથી મંજૂર કરવામાં આવે છે અને માન્ય (Ratify) કરવામાં આવે છે"**

**"વધુમાં સભા દ્વારા ઠરાવવામાં આવ્યું કે બાહ્ય પરીક્ષાની ફીમાં જે વધારો કરવામાં આવ્યો છે તે વધારાને પ્રશ્ચાદવર્તી અસરથી મંજૂર કરવામાં આવે છે અને બાહ્ય પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ પાસેથી જે વધારાના દરે ફી લેવામાં આવી છે તે નિર્ણયને તથા તેના અમલને બહાલી આપવામાં આવે છે અને માન્ય (Ratify) કરવામાં આવે છે. "**

**ત્યારબાદ શ્રી મનીષ દોશીએ નીચેના ઠરાવો રજૂ કર્યો હતા :**

(૧) "યુનિવર્સિટી દ્વારા છેલ્લા ત્રણ વર્ષના (પેજ. ૩૭૪ વાર્ષિક અહેવાલ) પરીક્ષાઓની સંખ્યા અને માર્ચ-એપ્રિલ/ઓક્ટો.-નવેમ્બરમાં ઉપસ્થિત થયેલ વિદ્યાર્થીઓની સંખ્યાને અનુલક્ષીને છેલ્લા વર્ષમાં યુનિવર્સિટીની

માર્ચ-એપ્રિલમાં ૨૯ હજાર જેટલા વિદ્યાર્થી અને ઓકટો-નવેમ્બર માં ૧૦ હજાર જેટલા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. ”

જ્યારે External M.A./M.Comમાં વિદ્યાર્થીઓની સંખ્યામાં ૩૦૦૦ જેટલો ઘટાડો નોંધાયો છે. તમામ, બાબતોને ધ્યાનમાં લઇ નીચેની બાબતો રજુ કરું છું.

(૧) રેગ્યુલર પરીક્ષાની ફીમાં ૨૦ રૂપિયા જેટલો ઘટાડો કરવાં વિનંતી કરું છું.

(૨) એક્સ્ટર્નલ B.A./M.A./M.Com. માં ફી વધારો પાછો ખેંચવો અથવા ૧૦૦/- રૂ. નો ઘટાડો કરવા વિનંતી કરું છું.

(૨) “યુનિવર્સિટી સંલગ્ન ભવનોમાં લાયબ્રેરીની (IN Dept.) સુવિધા અગાઉ ઉપલબ્ધ હતી. નવા સત્રથી દરેક ભવનોમાં જે તે વિષય આધારિત નિષ્ણાત Journals/Books ઉપલબ્ધ થાય તે માટે સમયસર આયોજન કરીને અમલમાં મૂકવા માટે વિનંતી કરું છુ. ”

(૩) “યુનિવર્સિટીના વિવિધ ભવનોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થીની જ્ઞાતિ/જાતિ/ધર્મના ભેદભાવ વિના ગુણવત્તા આધારે ફી માફી તથા ગુણવત્તા શિષ્યવૃતિ અંદાજપત્રની જોગવાઇ અનુસાર ઉપલબ્ધ કરાવવા વિનંતી કરું છુ.”

**ઉપરોક્ત ઠરાવોની ફક્ત નોંધ લેવામાં આવી.**

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયુ હતું.

એમ.એસ.શાહ
**કા.કુલસચિવ**

નં: એકેડેમિક/ ૨૨૦૨ /૨૦૦૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા.૨૨/૦૨/૨૦૦૮

B C 15/2/08
Cn. # 3

# ગુજરાત યુનિવર્સિટી

નં.એકા/સ્ટોર/૨૦૦૮
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯ તા.૧૫/૨/૨૦૦૮

ફાયનાન્સ સમિતિની એક સભા તા.૧૪-૨-૦૮ને ગુરૂવારના રોજ સાંજે ૫-૦૦ કલાકે યુનિ.કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખ સ્થાન મા.કુલપતિશ્રી ડો.પરીમલ ત્રિવેદીસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

| | | | |
|---|---|---|---|
| ૧) | ડો.પરીમલભાઇ ત્રિવેદી | કુલપતિશ્રી | હાજર |
| ૨) | ડો.એન.કે.પટેલ | ઉપકુલપતિશ્રી | હાજર |
| ૩) | શ્રી નરહરીભાઇ અમીન | સભ્યશ્રી | હાજર |
| ૪) | શ્રી સુધીરભાઇ નાણાંવટી | સભ્યશ્રી | હાજર |
| ૫) | ડો.મુકુલ શાહ | સભ્યશ્રી | હાજર |
| ૬) | એડવોકેટશ્રી જે જે પટેલ | સભ્યશ્રી | હાજર |
| ૭) | શ્રી જયેશભાઇ ઠક્કર | સભ્યશ્રી | હાજર |
| ૮) | કા.કુલસચિવશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૯) | ચીફ એકાઉન્ટસ ઓફીસરશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૧૦) | યુનિવર્સિટી એન્જીનિયરશ્રી | સભ્યશ્રી | ગેરહાજર |

૧) ફાયનાન્સ સમિતિની તા.૬-૨-૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત

ફાયનાન્સ સમિતિની તા.૬-૨-૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર પ્રમુખશ્રીએ સહી કરી.

૨) ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૦૭-૦૮નું પુનર્નિર્મિત અને આગામી વર્ષ ૨૦૦૮-૦૯નું અંદાજપત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝીક્યુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના વર્ષ ૨૦૦૭-૦૮નું પુનર્નિર્મિત અને આગામી વર્ષ ૨૦૦૮-૦૯નું અંદાજપત્ર મંજૂર કરવાનું રાખવું.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

Hinesh
કા.કુલસચિવ